ગળતેશ્વર તાલુકા પ્રાથમિક વિભાગના અંધેર વહીવટથી બાળકોનું ભાવિ અંધકારમય

સેવાલિયા સ્ટેશનના શિક્ષક શાળામાં ભણાવવાને બદલે અધિકારીઓની સેવામાં મશગુલની ચર્ચા

નડિયાદ,તા.૧૬

ખેડા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની ઘોર બેદરકારીને કારણે ગળતેશ્વર અને ઠાસરા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં બાળકોના પ્રાથમિક શિક્ષણને માઠી અસર પડી રહી છે.બંને તાલુકામાં કેટલાક શિક્ષકો સમયસર શાળામાં આવતા નથી, આરટીઈ મુજબ શાળાનો સમય રાખવામાં આવતો નથી અને હવે ઓછું હોય તેમ સેવાલિયા સ્ટેશન પગાર કેન્દ્રની શાળાના એક શિક્ષકને તાલુકા કચેરીની કામગીરી કરવા માટે ક્લાર્ક બનાવી દેવાયા છે, જેને કારણે શાળાના બે વર્ગના ૭૧ જેટલા બાળકો યોગ્ય શિક્ષણથી વંચિત જોવા મળી રહ્યા છે.

નિયમાનુસાર કોઈપણ શિક્ષકની કામગીરી નો હુકમ ચોક્કસ દિવસો માટે હોઈ શકે છે, જોકે સેવાલિયામાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા કરાયેલા હુકમમાં ફરીથી હુકમના થાય ત્યાં સુધી મતલબ અનેક દિવસો અને. મહિનાઓ સુધી કામગીરીને બહાને શાળાને બદલે તાલુકા પ્રાથમિક શિક્ષણ કચેરીમાં રોકી રાખવામાં આવતા હોવાનું જોવા મળી રહ્યું છે. સેવાલિયા સ્ટેશન શાળામાં ફરજ બજાવતા કનુભાઈ પટેલને કામગીરીની આડમાં તાલુકા કચેરીનો વહીવટ આપી દિધો હોય તેમ અધિકારીઓ શોધ્યા જડતા નથી.છેલ્લા ઘણા સમયથી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ની જગ્યા ઈન્ચાર્જમાં ચાલતી હોવાથી આ શિક્ષક મહાશય જ તાલુકાના અધિકારી તરીકે તમામ.કામગીરી કરી રહ્યા હોવાની વાતો બહાર આવી રહી છે.ઈન્ચાર્જ અધિકારી માત્ર સહીઓ કરવા માટે જ ફરકતા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.કામગીરીના હુકમને કારણે કનુભાઈ પટેલના વર્ગના બાળકોને અન્ય વર્ગના બાળકો સાથે બેસાડવામાં આવતા હોવાથી એક જ વર્ગમાં ૭૧ જેટલા બાળકોને એક શિક્ષકને હાથે ભણવાનો વારો આવી રહ્યો છે. જેને કારણે વાલીઓમાં પણ પોતાના બાળકોના શિક્ષણને લઈને ચિંતાઓ ઉઠી છે. ત્યારે આ મામલે જિલ્લા શિક્ષણાધિકારી સ્પષ્ટ કરે કે ક્યાં નિયમ હેઠળ બાળકોના અભ્યાસના ભોગે શિક્ષક પાસેથી કામગીરી કરવવામાં આવી રહી છે

સાહિત્યકાર ડો. ભગીરથ બ્રહ્મભટ્ટનું અખિલ ભારતીય સાહિત્ય પરિષદ આણંદ એકમ દ્વારા સન્માન

અખિલ ભારતીય સાહિત્ય પરિષદ આણંદ એકમના ઉપક્રમે વસંતોત્સવ કાર્યક્રમ યોજાયો

આણંદ,તા.૧૬

અખિલ ભારતીય સાહિત્ય પરિષદ આણંદ એકમના ઉપક્રમે આણંદ આર્ટસ કોલેજ ખાતે તારીખ ૧૪ ફેબ્રુઆરીના રોજ વસંત પંચમી નિમિત્તે કાર્યક્રમ યોજાયો જેમાં કાર્યક્રમની શરૂઆત સરસ્વતીની વંદના તેમજ સરસ્વતી પૂજાથી કરવામાં આવી ત્યારબાદ વસંત અંગેનું પદ રજૂ કરવામાં આવ્યું. આણંદ આર્ટ્સ કોલેજના નિયામક ડો. આર.પી. પટેલ સર્વે મહેમાનોનો પરિચય કરાવ્યો.જેમાં સૌપ્રથમ અખિલ ભારતીય સાહિત્ય પરિષદ આણંદ એકમના અધ્યક્ષ શ્રી એસ.કે ઉપાધ્યાયની સાહિત્યિક અને સામાજિક તેમજ પત્રકાર તરીકેની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. ત્યારબાદ સન્માન મેળવનાર સર્જક

ડો. ભગીરથ બ્રહ્મભટ્ટની સાહિત્યિક સાધનાની વાત કરતા તેમના સાહિત્ય સર્જનમાં નિબંધો, વાર્તાઓ, ગીત કવિતા, વિવેચન, સંશોધન- સંપાદન એમ વિવિધ પાસાઓનો તેમજ તેમને પ્રાપ્ત થયેલા પુરસ્કારો અંગેનો વિગતે પરિચય કરાવ્યો હતો. તથા અખિલ ભારતીય સાહિત્ય પરિષદ આણંદ એકમના મહામંત્રી ડો. રાકેશ રાવતની કાર્યશૈલીને પણ તેમણે બિરદાવી હતી. ત્યારબાદ અખિલ ભારતીય સાહિત્ય પરિષદ, નવી દિલ્હી દ્વારા "સર્વ ભાષા સાહિત્યકાર સન્માન"- ૨૦૨૩ થી સર સંઘ ચાલક મોહનજી ભાગવતના વરદ હસ્તે સન્માન મેળવનાર સમગ્ર ગુજરાતમાંથી એક માત્ર સાહિત્યકાર ડો. ભગીરથ બ્રહ્મભટ્ટનું અખિલ ભારતીય સાહિત્ય પરિષદ આણંદ એકમ દ્વારા પણ શાલ અને સ્મૃતિ ચિન્હ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન બદલ સાહિત્ય અને શબ્દ થકી રાષ્ટ્ર અને સમાજની સેવા કેવી રીતે થઈ શકે તે અંગે વિચારો વ્યક્ત કરી,જણાવ્યું કે મારા આ શબ્દને રાષ્ટ્રીય સન્માન સુધી પહોંચાવનાર અખિલ ભારતીય સાહિત્ય પરિષદ આણંદ એકમ જ છે મારું સન્માન કરનાર અખિલ ભારતીય સાહિત્ય પરિષદ, આણંદ એકમ અને તેના પદાધિકારીઓ પ્રત્યે તેમણે આભારની લાગણી પણ વ્યક્ત કરી હતી.

આણંદ મહાપાલિકામા કરમસદનો સમાવેશ નહીં:સરકારે સરદાર પટેલનું સન્માન જાળવ્યું

આણંદ,તા.૧૬

ગતસપ્તાહે રાજ્ય સરકારે આણંદને મહાપાલિકાનો દરજ્જો આપવામાં આવતાં મહાપાલીકા અંતર્ગત રચાનાર નવા સિમાકન માં આધારભૂત વર્તુળ દ્વારા મળેલ માહિતી મુજબ કરમસદ ના સમાવેશ ને પડતો મૂકવામાં આવ્યો હોવાનો નિર્ણય લેવામાં આવતાં રાજ્ય સરકારે સરદાર પટેલનું સન્માન જાળવ્યું નું જાણવા મળેલ છે. પ્રાપ્ત વિગત અનુસાર ગતસપ્તાહે રાજ્ય સરકારના બજેટમાં આણંદને મહાપાલિકાનો દરજ્જો નો સમાવેશ કરવામાં આવતાં સરદાર પટેલની કર્મભૂમી કરમસદ નો સમાવેશ થવાની સંભાવના ના પગલે સ્થાનિક સરદારપ્રેમીઓમા નારાજગી પ્રવર્તવા પામવા સાથે સરદાર પટેલ સન્માન સંકલ્પ સમીતી દ્વારા પણ કરમસદના સમાવેશ મુદ્દે પૂર્વ કેન્દ્રીય રાજયમંત્રી ભરતસિંહ સોલંકી સહિત વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. જોકે આધારભૂત વર્તુળ ના જણાવ્યા પ્રમાણે સરકાર દ્વારા આણંદ મહાપાલિકાના દરજ્જો માં કરમસદ ને બાકાત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવાનું અને તેના પગલે સરદાર પટેલનું સન્માન જાળવ્યું હોવાનું જાણવા મળેલ છે. ચારવર્ષ પૂર્વ પણ રાજ્ય સરકાર દ્વારા આણંદ મહાપાલિકાના મુદ્દે કવાયત હાથ ધરવામાં આવી હતી અને તે સમયે કરમસદ તથા વિદ્યાનગર પાલીકાના વિરોધ પગલે સરકાર દ્વારા નિર્ણય પડતો મૂકવામાં આવ્યો હતો. જોકે વર્તમાનમા આણંદ મહાપાલિકાના નવા સિમાકન માં કરમસદ ને પડતું મૂકવાના સરકારના નિર્ણય ને સ્થાનિકસ્તરે આવકારવા સાથે આગામી લોકસભા જંગ પૂર્વ સરકાર દ્વારા લેવામાં આવેલ નિર્ણય શાસકપક્ષ માટે લાભકારક બનવા પામે ની ચર્ચા ઉઠવા પામીનુ જાણવા મળેલ છે.

ઇન્દિરા ફેલોશીપ દ્વારા મહિલાઓ પર થતાં શોષણ અને અત્યાચાર મુદ્દે આણંદ જીલ્લા કોન્ગ્રેસ દ્વારા પત્રકાર પરિષદ

મહિલાઓ સાથે બનેલ ત્રણ ઘટનાઓ પર ભાજપે ઢાંકણીમા પાણી લઈ ડૂબી જવું જોઈએ : દક્ષા રાઠોડ

આણંદ,તા.૧૬

ગતવર્ષે બનેલ મહિલાઓ સાથે બનેલ ત્રણ ઘટનાઓ પર ભાજપે ઢાકણીમા પાણી લઈ ડૂબી જવું જોઈએ:દક્ષા રાઠોડ,ગતવર્ષે દેશમાં બનેલ મહિલા પરના અત્યાચાર ની ત્રણ ઘટનાના પગલે સમગ્ર દેશ હતપ્રભ થવા પામ્યો હતો પરંતુ શાસકપક્ષના પેટનું પાણી પણ ન હાલતા શરમ બાકી હોય તો ભાજપે ઢાકણીમા પાણી લઈ ડૂબી જવું જોઈએ નો આક્રોશ આજે આણંદ જીલ્લા કોન્ગ્રેસ દ્વારા આયોજીત પત્રકાર પરિષદમાં ઈન્દિરા ફેલોશીપ ના દક્ષા રાઠોડે વ્યક્ત કર્યો હતો. પ્રાપ્ત વિગત અનુસાર ગતવર્ષે મણીપુરમા બનેલ જઘન્ય ઘટના બાદ દેશની મહિલા કુસ્તીબાજો સાથે થયેલ અભદ્ર

વ્યવહાર તેમજ બનારસ ખાતે ત્રણ નરાધમો દ્વારા યુવતી પર બળાત્કાર ની ઘટના છતાં વર્તમાન કેન્દ્રમાં બેઠેલ શાસકોએ ચૂપકીદી ધારણ કરતાં આજે આણંદ જીલ્લા કોન્ગ્રેસ દ્વારા આયોજીત પત્રકાર પરિષદમાં ઈન્દિરા ફેલોશીપ ના મહિલા અગ્રણી દક્ષા રાઠોડે મહિલાઓ પર થતાં અત્યાચાર, શારિરીક શોષણ ના વધતા જતાં બનાવો અને ગતવર્ષે બનેલ બહુચર્ચિત ત્રણ મહિલા સાથે ની ઘટનાથી શરમથી માથું ઝુકી જાય તેમછતાં વર્તમાન શાસકો દ્વારા ચૂપકીદી સેવવામાં કે અપરાધીઓની આળપંપાળ કરવામાં આવી રહ્યા ના આક્ષેપ કરી વધુમાં દક્ષા રાઠોડે જણાવ્યું હતું કે મહિલાઓ પર થતાં અત્યાચાર, શોષણ, બળાત્કાર જેવી ઘટના બનવા પામે છતાં શાસકપક્ષના મહિલા નેતાઓ ચૂપકીદી સેવે ત્યારે પક્ષાપક્ષી થી પર જઈ મહિલાઓ ના સન્માન અને સુરક્ષા માટે ભલે સરકાર મહિલા સશક્તિકરણ ની વાતો કરે તે બનેલ ઉપપરોકત ઘટનાઓ બાદ મહિલા નેતાઓ એકમંચ પર આવવાનો મત વ્યક્ત કરી સરકાર ત્રણેય જઘન્ય બનેલ ઘટનાઓ માં સંડોવાયેલ હોય કડક સજા આપવામાં આવે ની માગ કરી હતી. આ પ્રસંગે યુવા કોન્ગી અગ્રણી વિરેન્દ્ર ચાવડા સહિત મહિલા ઉપસ્થિત રહ્યા હતા.

આણંદ બેઠક પર કોન્ગી જૂનાજોગીના સહારે: ભાજપમાં નો રિપિટની સંભાવના

આણંદ,તા.૧૬

આગામી લોકસભા જંગ આડે માડ ત્રીસ દિવસનો સમય બાકી હોય રાજકીય પક્ષો દ્વારા ઉમેદવાર પસંદગી પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી હોવાની માહિતી પગલે આણંદ બેઠક પર ભાજપમાં નોરિપિટ ની સંભાવના સાથે કોન્ગ્રેસ જૂનાજોગીના સહારે હોવાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર આગામી ૨૭ના યોજાનાર રાજયસભા જંગમાં તમામ ચારેય બેઠક બિનહરીફ થવા પગલે ભાજપ દ્વારા નોરિપિટ થીયરી અપનાવવામાં આવતાં સ્થાનિક ભાજપ ચોકી ઉઠયું હતું. જેના પગલે આગામી લોકસભા જંગ આડે માડ ત્રીસ દિવસનો સમય બાકી હોય રાજકીય પક્ષો દ્વારા ઉમેદવાર પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહ્યા પગલે આણંદ બેઠક પર ભાજપ દ્વારા નોરિપિટ થીયરી નો અમલ કરે તેવી સંભાવના પગલે પ્રબળ દાવેદારો દ્વારા એડીચોટીના જોર સાથે રાજકીય ચોપાસ પાથરવામાં આવી રહ્યા નું જાણવા મળેલ છે. જોકે ભાજપ વર્તુળમાં ચાલતી ચર્ચા મુજબ ભાજપ આગામી લોકસભા જંગમાં આણંદ તથા ખેડા બેઠક પર સમાજ સમીકરણ ના આધારે ઉમેદવાર પસંદગી કરે તેવી શક્યતા પગલે આણંદ બેઠક પર ક્ષત્રિય તથા ખેડા બેઠક પર પાટીદાર સમાજ ને ટિકિટ ફાળવવામાં આવે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહ્યા નું જાણવા મળેલ છે.

બીજીબાજુ સતત બેટમેંથી હાર રાજ્ય વિધાનસભા જંગમાં પાંચ સાથે કોન્ગી ધારાસભ્ય ના રાજીનામું બાદ છ બેઠક પર ભાજપ ઉપરાંત જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા પાલીકામા ભાજપના શાસન છતાં લોકસભા જંગમાં જૂનાજોગીના સહારે કોન્ગ્રેસ ચુટણી જંગમાં ઝંપલાવશેનુ જાણવા મળેલ છે.

અધિકારીઓની કોઈપણ જાતની શરમ રાખ્યા વિના કાર્યવાહી

ગળતેશ્વર તાલુકા મથક સેવાલિયામાં વિકાસપથની કામગીરી : રોડની બંને તરફના દબાણો તોડી પડાયા

દુકાનો આગળની જગ્યાઓ શેડ તૂટવાને લીધે કેટલાક વેપારીઓમાં રોષ

નડિયાદ,તા.૧૬

ગળતેશ્વર તાલુકાના મથક સેવાલિયા ખાતે આકાર પામી રહેલા વિકાસ પથની કામગીરી છેલ્લા ઘણા સમયથી અટવાયેલી પડી હતી. કારણ કે સેવાલિયા બજારના વેપારીઓ દ્વારા રોડની કામગીરી ચોક્કસ મીટર સુધી કરવાનો આગ્રહ રાખવામાં આવતો હતો.જો કે માર્ગ મકાન વિભાગના અધિકારીઓએ કોઈપણ જાતની શરમ રાખ્યા વિના સેવાલિયા ગામથી બજાર સુધીના પૂરા માર્ગ ઉપર નિયમ મુજબ કામગીરી હાથ ધરીને નડતરરૂપ તમામ કાચા પાકા દબાણો તોડી પાડવાના શરૂ કરી દીધા છે. જેને કારણે સેવાલિયા સહિતના રહીશોમાં રોડ ખુલ્લો થવાની ખુશી જોવા મળી

રહી છે, જ્યારે દુકાનો આગળની જગ્યાઓ શેડ તૂટવાને લીધે કેટલાક વેપારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. જોકે નિયમાનુસારની કામગીરી ચાલતી હોવાથી મોટાભાગના લોકોએ વખાણી હતી.

એસ.એસ. હોસ્પિટલ પેટલાદ ખાતે દુરબિનથી સાંધાની સર્જરી અને અન્ય જનરલ સર્જરી ઉપલબ્ધ

કલેકટરની અધ્યક્ષતામાં આણંદ ખાતે રોગી કલ્યાણ સમિતિની બેઠક

આણંદ,તા.૧૬

એસ.એસ. હોસ્પિટલ પેટલાદ ખાતે દુરબિનથી સાંધાની સર્જરી અને અન્ય જનરલ સર્જરી ઉપલબ્ધ,આણંદ જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે રોગી કલ્યાણ સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં એસ.એસ. હોસ્પિટલ પેટલાદ ખાતે આરથ્રોસ્કોપિક સર્જરીની સારવાર માટે આવતા ગરીબ તેમજ મધ્યમ વર્ગના દર્દીઓને આ સર્જરીની આધુનિક અને અસરકારક સારવાર ઉપલબ્ધ થઈ શકે તે હેતુથી આંણદ જિલ્લાના નિષ્ણાંત આરથ્રોસ્કોપિક સર્જન ડૉ. ધવલ ભાટીયા અને લેપ્રોસ્કોપિક સર્જન ડૉ. જીગર મોદીને એસ.એસ.હોસ્પિટલ પેટલાદ ખાતે નિમણૂંક આપવામાં આવી હતી. આ બેઠકમાં લેવાયેલ નિર્ણયના પરિણામે એસ. એસ.હોસ્પિટલ પેટલાદ ખાતે આવતા સાંધાની આરથ્રોસ્કોપિક સર્જરી, એપેન્ડિક્ષ, સારણગાંઠ, પીતાશયની પથરી વગેરેના દર્દીઓ લેપ્રોસ્કોપિક સર્જરી દૂરબિનથી કરી શકાશે તેમ એસ. એસ.હોસ્પિટલ, પેટલાદના સી.ડી.એમ.ઓ. ડૉ. ગિરીશ કાપડીયાએ જણાવ્યું છે. આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. દિપક પરમાર, જનરલ હોસ્પિટલના સી.ડી. એમ.ઓ. ડૉ. અમર પંડ્યા અને સહિત જિલ્લા રોગી કલ્યાણ સમિતિના સદસ્યો હાજર રહ્યાં હતાં. સાંધાની આરથ્રોસ્કોપિક સર્જરી, એપેન્ડિક્ષ, સારણગાંઠ, પીતાશયની પથરી વગેરેના દર્દીઓ લેપ્રોસ્કોપિક સર્જરી દૂરબિનથી કરી શકાશે

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
ઉત્તર પશ્ચિમ ઝોન - ઈજનેર ખાતુ
શોર્ટ ટેન્ડર નોટીસ નં. ૧૮/ ૨૦૨૩-૨૪
રોડ, ડ્રેનેજ,પાણી તથા બિલ્ડીંગના કામો માટે

ઓનલાઈન સબમીશન ની તારીખ : ૦૯/૦૩/૨૦૨૪	સમય ૧૮:૦૦ કલાક સુધી
ઇ.એમ.ડી. , ટેન્ડર ફી અને અન્ય ડોક્યુમેન્ટ સબમીટ કરવાની તારીખ : ૧૧/૦૩/૨૦૨૪	સમય ૧૭:૦૦ કલાક સુધી
ઓનલાઈન ટેન્ડર ખોલવાની તારીખ : ૧૨/૦૩/૨૦૨૪	સમય ૧૨:૦૦ કલાકે

ટેન્ડર અને તેની વિગતો , www.amc.nprocure.com ઉપર ઉપલબ્ધ છે.

ડેપ્યુટી મ્યુનિસિપલ કમીશનર
(ઉત્તર પશ્ચિમ ઝોન)

તમામ લાભાર્થીઓને સરકારી યોજનાનો લાભ સરતાથી મળી રહે તેવો હેતું

ઉમરેઠ નગરપાલિકા દ્વારા વિકસિત ભારત સંકલ્પયાત્રા કાર્યક્રમ યોજાયો

આણંદ,તા.૧૬

વિકસિત ભારત સંકલ્પયાત્રા કાર્યક્રમ યોજાયો. ઉમરેઠ નગર માં કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા ચાલી રહેલ પ્રજાલક્ષી વિવિધ યોજનાઓના અમલીકરણ માટે ગુજરાત સરકાર દ્વારા રાજ્યના છેવાડાના માનવી સુધી વિવિધ યોજનાઓની લાભ લેવા તમામ લાભાર્થીઓને સરકારી યોજનાનો લાભ સરતાથી મળી રહે, સરકારની તમામ કલ્યાણકારી પ્રજાલક્ષી યોજનાઓ વધુમાં વધુ લોકો લાભ લઈ શકે અને તમામ યોજનાઓની વધુમાં વધુ જનજાગૃતિ ફેલાવવાના હેતું થી ઉમરેઠ નગરપાલિકા દ્વારા ઉમરેઠ શહેરમાં ઉમરેઠ નગરપાલિકા સંચાલિત શાળા ખાતે તથા વારાહી ચોક, લાલ દરવાજા ખાતે વિકસિત ભારત સંકલ્પ

યાત્રા નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ઉમરેઠ નગરપાલિકા દ્વારા આયોજિત વિકસિત ભારત સંકલ્પ યાત્રાના આ કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટર પ્રવીણભાઈ ચૌધરી, ઉમરેઠ મામલતદાર નિમેષભાઈ પારેખ, ઉમરેઠ નગરપાલિકા ચીફ ઓફિસર ભારતીબેન આર સોમાણી, આણંદ જિલ્લા મહામંત્રી જગતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. ઉમરેઠ નગરપાલિકા પ્રમુખ કનૈયાલાલ, ઉપપ્રમુખ નીલાબેન જોશી, પૂર્વ નગરપાલિકા પ્રમુખ તથા એ.પી. એમ.સી. ચેરમેન પ્રકાશ પટેલ, ઉમરેઠ શહેર ભાજપ પ્રમુખ હર્ષ શહેરાવાળા, નગરપાલિકા નાં દબાણ વિભાગ નાં કલાર્ક નિતિનભાઈ પટેલ, કાઉન્સીલર ઈશ્વરભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ (ભયલુભાઈ), ઉમરેઠ નગરપાલીકા સભ્યો અને કર્મચારગણ તથા આમંત્રિત મહેમાનો લાભાર્થીઓ તથા ઉમરેઠ નગર ની જનમેદની મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો. લાભાર્થીઓ તથા આંગણવાડી કાર્યકરો એ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર માન્યો હતો. કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત રહેલા મહાનુભાવો નાં વરદ હસ્તે સહાય કીટ તથા પ્રમાણપત્રો અર્પણ કરવામાં આવ્યાં હતાં.

હુસેની ટિફિન સેવા દ્વારા આખ અને દાતના પરિક્ષણનો કેમ્પ યોજાયો

આણંદ,તા.૧૬

હુસેની ટિફિન સેવા દ્વારા આખ અને દાતનુ પરિક્ષણ યોજાયું, આણંદ સ્થીત હુસેની ટીફીન સેવા દ્વારા વિવિધ પ્રજાલક્ષી સેવાકાર્ય હાથ ધરવામાં આવતાં હોય આખ અને દાતનુ પરીક્ષણ નું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામ માં હાજર મહેમાન જનાબ મૌલાના પરવેઝ યમની નું સ્વાગત પ્રમુખ તૌહીબખાન પઠાણે કર્યું હતું બીજા મહેમાન મનદીપ સિંગ ગયાનજી નું સ્વાગત ઉપપ્રમુખ સાદીક અલી સૈયદ એન્જિનિયરે કર્યું હતું.ફાધર જીતેન્દ્ર નું સ્વાગત એસ આર કાઝી એ કર્યું હતું.આયત હોસ્પિટલ વાળા ઈમરાન ભાઈ ક્લાસિક નું સ્વાગત મૌલાનાઈસ્તીયાક સાહેબે કર્યું હતું. મૌલાના ઈકબાલ પટની મિલ્લિ કાઉન્સિલ નું સ્વાગત મૌલાના સોહીલ અશરફી એ કર્યું હતું.વિપુલ મેકવાન નું સ્વાગત પ્રોફેસર પરવેજ મેમણ તરફથી કરવામાં આવ્યું હતું,તેમજ હાજર મહેમાનો તરફથી આ કેમ્પ અંગે નું પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

SAMBHAAV GROUP

સમભાવ મીડિયા લિમિટેડ
(CIN: L67120GJ1990PLC014094)
રજીસ્ટર્ડ ઓફિસ : સમભાવ હાઉસ, જજીસ બંગલો સામે, પ્રેમચંદ નગર રોડ, સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ફોન : +૯૧ ૭૯ ૨૬૮૭ ૩૯૧૪/૧૫/૧૬/૧૭
ઈ-મેઈલ : secretarial@sambhaav.com **વેબસાઈટ :** www.sambhaav.com

પોસ્ટલ બેલેટની સૂચના:

કંપની અધિનિયમ, 2013ની કલમ 110 અનુસાર કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, 2014ના નિયમ 22 અને કોર્પોરેટ અફેર્સ મંત્રાલય, ભારત સરકાર દ્વારા જારી કરાયેલ પરિપત્રો, મુજબ -શ્રીમતી ગૌરી પી પોપટ (DIN: 08356151)ની બીજી 5 (પાંચ) વર્ષની મુદ્દત માટે કંપનીના સ્વતંત્ર ડિરેક્ટર તરીકે પુનઃનિયુક્તિ માટેનો વિશેષ ઠરાવ, **09મી ફેબ્રુઆરી, 2024**ની નોટિસમાં નિર્ધારિત, ઇલેક્ટ્રોનિક માધ્યમથી મતદાન કરીને પોસ્ટલ બેલેટ દ્વારા પસાર કરવાની દરખાસ્ત છે. ('રિમોટ ઇ-વોટિંગ'). આ સંબંધમાં, સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે સ્પષ્ટીકરણ નિવેદન સાથે પોસ્ટલ બેલેટ નોટિસ મોકલવાનું કામ **16મી ફેબ્રુઆરી, 2024**ના રોજ પૂર્ણ થયું હતું. આ સૂચના નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL - www.evoting.nsdl.com) ની ઈ-વોટિંગ વેબસાઈટ પર ઈન્વેસ્ટર સેગમેન્ટ હેઠળ કંપનીની વેબસાઈટ www.sambhaav.com પર અને BSE લિમિટેડ (BSE - www.bseindia) ની વેબસાઈટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (NSE - www.nseindia.com)ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે, જ્યાં કંપનીના શેર સૂચિબદ્ધ છે. MCAના પરિપત્રોના પાલનમાં, કંપનીએ તેના સભ્યોને માત્ર રિમોટ ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડી છે, જેથી તેઓ ભૌતિક પોસ્ટલ બેલેટ ફોર્મ સબમિટ કરવાને બદલે ઈલેક્ટ્રોનિક રીતે તેમનો મત આપી શકે. નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL) દ્વારા પૂરી પાડવામાં આવતી રિમોટ ઈ-વોટિંગ સુવિધા દ્વારા જ સભ્યોની સંમતિ અને અસંમતિનો સંચાર થશે.

ઇલેક્ટ્રોનિક મોડ દ્વારા મતદાન: નિયમનકારી આવશ્યકતાઓને અનુરૂપ, સભ્યો ફક્ત રિમોટ વોટિંગ દ્વારા જ વિશેષ ઠરાવો પર મત આપી શકે છે જે **17મી ફેબ્રુઆરી, 2024ના રોજ સવારે 09.00 વાગ્યે** શરૂ થશે અને **17મી માર્ચ, 2024ના રોજ સાંજે 05.00 વાગ્યે** સમાપ્ત થશે. જ્યારે NSDL દ્વારા રિમોટ એ-વોટિંગને અવરોધિત કરવામાં આવશે. **કટ-ઓફ તારીખ, 09મી ફેબ્રુઆરી, 2024**ના રોજ જે સભ્યોના નામ કંપનીના સભ્યોના રજિસ્ટરમાં અથવા ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવેલા લાભદાયી માલિકોના રજિસ્ટરમાં નોંધાયેલા છે, તેઓ જ તેમના મત આપવા માટે હકદાર છે.

જે સભ્યોએ કંપનીમાં અથવા ડિપોઝિટરીઝમાં તેમના ઈ-મેલ સરનામાંની નોંધણી કરાવી નથી અને પોસ્ટલ બેલેટ નોટિસ મેળવવા અને/અથવા રિમોટ ઈ-વોટિંગ દ્વારા તેમના મત આપવા ઈચ્છતા હોય, તેઓએ તેમના ઈ-મેલ સરનામાંઓ કંપનીમાં રજીસ્ટર કરાવવા જરૂરી છે. આ માટે કંપનીના ઈમેઈલ secretarial@sambhaav.com. વૈકલ્પિક રીતે, કંપનીના રજીસ્ટ્રાર mcsstaahmd@gmail.com પર ઈ-મેલ દ્વારા તેમના નામ અને DP ID અને Client ID/ ફોલિયો નંબરનો ઉલ્લેખ કરીને તેમના ઈ-મેલ સરનામાની નોંધણી માટે વિનંતી કરતો પત્ર મોકલી શકે છે.

સ્ક્રુટિનાઈઝર: કંપનીએ મેસર્સ ઉમેશ વેદ એન્ડ એસોસિએટ્સના શ્રી ઉમેશ વેદ, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીને પોસ્ટલ બેલેટ માટે રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયાની નિષ્પક્ષ અને પારદર્શક રીતે ચકાસણી કરવા માટે સ્ક્રુટિનાઈઝર તરીકે નિયુક્ત કર્યા છે.

સંપર્ક વિગતો: ઈ-વોટિંગ પ્રક્રિયા સંબંધિત કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, સભ્યો www.evoting.nsdl.com ના હેલ્પ સેક્શન હેઠળ ઉપલબ્ધ સભ્યો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકાનો સંદર્ભ લઈ શકે છે. ઈલેક્ટ્રોનિક માધ્યમથી મતદાન કરવાની સુવિધા સાથે જોડાયેલ કોઈપણ ફરિયાદના કિસ્સામાં સુશ્રી પલ્લવી માતરે સિનિયર મેનેજર, નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ ("NSDL"), ટ્રેડવર્લ્ડ, 'A'Wing, 4થો માળ, કમલા મિલ્સ કમ્પાઉન્ડ, ને સંબોધવામાં આવી શકે છે. સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - 400 013, અથવા evoting@nsdl.co.in પર ઇમેઇલ મોકલો અથવા 022 - 48867000 / 022 - 24997000 પર કોલ કરો અથવા સંપર્ક કરો. MCS શેર ટ્રાન્સફર એજન્ટ લિમિટેડ mcsstaahmd@gmail.com પર, ટેલિફોન: 079-26580461/62/63ને સંપર્ક કરી શકાય છે.

મતદાનના પરિણામો: રિમોટ ઈ-વોટિંગના પરિણામો **શુક્રવાર, 18મી માર્ચ 2024ના રોજ સાંજે 05:00 વાગ્યે** અથવા તે પહેલાં જાહેર કરવામાં આવશે. સ્ક્રુટિનાઈઝરના રિપોર્ટ સાથે જાહેર કરાયેલા પરિણામો, નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL - www.evoting.nsdl)ની ઈ-વોટિંગ વેબસાઈટ પર, ઈન્વેસ્ટર સેગમેન્ટ હેઠળ કંપનીની વેબસાઈટ www.sambhaav.com પર તથા BSE લિમિટેડ (BSE - www.bseindia.com) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (NSE - www.nseindia.com)ની વેબસાઇટ્સ પર, જ્યાં કંપનીના શેર સૂચિબદ્ધ છે, ત્યા તરત જ ઉપલબ્ધ થશે.

તારીખ : ફેબ્રુઆરી 16, 2024
સ્થળ : અમદાવાદ

બોર્ડના આદેશથી
સમભાવ મીડિયા લિમિટેડ વતી
મનિષા માલી-કંપની સેક્રેટરી